# અરવલ્લી જિલ્લામાં રવિવારે યમરાજાનો પડાવ

## બે અકસ્માતમાં ૩ ના મોત : મોડાસાના સાકરીયા કંપા નજીક કાર-બાઈક ટકરાતા ૨ અને માલપુરના હમીર પૂર પાટિયા પાસે કારને ડમ્પરે અડફેટે લેતા ૧ મહિલાનું મોત ૧ યુવાન ઈજાગ્રસ્ત




મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લામાં રવિવારનો દિવસ ગોઝારો બન્યો હોય તેમ સાંજના સુમારે બે અલગ-અલગ સ્થળે અકસ્માતની ઘટના બનતા ૩ લોકોનું મોત નિપજતા હાહાકાર મચી ગયો હતો. મોડાસાના સાકરીયા કંપા નજીક કાર-બાઈક ટકરાતા ૨ લોકોના અને માલપુરના હમીરપુર પાટિયા પાસે કારને ડમ્પરે અડફેટે લેતા ૧ મહિલાનું મોત ૧ યુવાન ઈજાગ્રસ્ત બન્યો હતો.

મોડાસા નજીક આવેલા સાકરીયા કંપા નજીક રવિવારે સાંજના સુમારે માલપુર તાલુકાના મહીયાપુર ગામના બે પિતરાઈ ભાઈ બાઈક લઈ મોડાસા તરફ આવી રહ્યા હતા ત્યારે પાછળથી નંબર પ્લેટ વગરની સ્વીફ્ટ કારના ચાલકે ટક્કર મારતા બાઈક સવાર કાળાભાઈ શીવાભાઈ તરાર અને પાછળ બેઠેલા ધુળાભાઈ સુરાભાઈ તરાર રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજતા અકસ્માતના પગલે દોડી ગયેલી રૂરલ પોલીસે વિજયભાઈ કોદરભાઈ તરાર (રહે, મહીયાપુર,માલપુર)ની ફરિયાદના આધારે અકસ્માતે મોત નિપજાવી ફરાર સ્વીફ્ટ કારચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. સ્વીફ્ટ કાર અકસ્માત સર્જી રોડ સાઈડ ખાડામાં ઉતરી પડી હતી.

માલપુર-મેઘરજ રોડ પર આવેલા હમીરપુર ત્રણ રસ્તા નજીક આઈવા ડમ્પર (ગાડી.નં-જીજે-૧૨એક્સ.૩૪૦૪) ચાલકે ઓવરટેઈક કરવાની લાહ્યમાં અલ્ટો કાર (ગાડી.નં. જીજે-૧૭એન.૨૯૬૧)ને ખાલી સાઈડે ધડાકાભેર ટક્કર મારતા કારના પાછળના ભાગે બેઠેલ કપિલાબેન રેવજીભાઈ પટેલ (રહે, મધવાસ, લુણાવાડા) શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. કારમાં અન્ય બેઠેલ ટિંકલ ફુલાભાઈ પટેલના શરીરે ઈજાઓ પહોંચાડી ડમ્પર ચાલક ફરાર થઈ જતા રાકેશભાઈ રાવજીભાઈ પટેલ (રહે, મધવાસ, તા-લુણાવાડા, જી-મહીસાગર) એ માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા માલપુર પોલીસે અકસ્માત સર્જી ફરાર ડમ્પરચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.



**મોડાસામાં ચકલીના માળાનું વિનામૂલ્ય ઘરે ઘરે વિતરણ**

વિશ્વ ચકલી દિવસ નિમિત્તે આજરોજ અરવલ્લી જિલ્લામાં મોડાસા મુકામે દયા ફાઉન્ડેશન દ્વારા ચકલીના માળાનું વિતરણનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં મોડાસામાં દયા ફાઉન્ડેશનના સ્વયંમસેવકો ગીતેશ પટેલ, જયેશ ભટ્ટ, જગદીશભાઈ, મિહિર ચૌધરી દ્વારા ઘરે ઘરે જઈને પણ માળાઓ લગાવવામાં આવેલ હતા. જેમાં કોર્પોરેટર કલાબેન ભાવસાર અને નીલેશભાઈ જોષી અને ભગીરથ કુમાવત સહીત અન્ય યુવાનો અને યુવતીઓ પક્ષી બચાવો અભિયાનમાં જોડાયા હતા.

# મોડાસા માર્કેટયાર્ડમાં લાયસન્સ ધરાવતા વેપારીઓ હરાજીમાં ગેરહાજર

**અરવલ્લી જીલ્લા ખેડૂત સમાજે મોડાસા માર્કેટ યાર્ડમાં પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવાની માંગ**

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લાના મોડાસા માર્કેટયાર્ડના મોટાભાગના વેપારીઓ અગમ્ય કારણોસર હરાજીથી દૂર રહેતા કેટલાક લેભાગુ વેપારીઓ રીંગ કરી હરાજીમાં ખેડૂતોના મહામુલા પાકને પાણીના ભાવે ખરીદતા ખેડૂતોની હાલત કફોડી બનતા સોમવારે અરવલ્લી જીલ્લા ખેડૂત સમાજના પ્રમુખ નિકુલ પટેલ, નિલેશભાઈ જોશી, હિતેશ પટેલ અને રિતેશ પટેલ સહીત મોટી સંખ્યામાં ખેડૂતોએ જીલ્લા સેવાસદન ખાતે પહોંચી જીલ્લા કલેકટર શાલિની અગ્રવાલને આવેદનપત્ર આપી મોડાસા માર્કેટયાર્ડમાં લાયસન્સ ધરાવતા વેપારીઓ હરાજીમાં ભાગ ન લેતા ખેડૂતોના લાયસન્સ રદ કરવાની માંગ કરી જણાવ્યું હતું કે મોટાભાગના લાયસન્સ ધરાવતા વેપારીઓ હરાજીમાં હાજર રહેતા ન હોવાથી સાચા અર્થમાં ખેડૂતોના પાકની હરાજી ન થતા પોષણક્ષમ ભાવ મળતા નથી.

જીલ્લા કલેકટર શાલિની અગ્રવાલને જીલ્લા ખેડૂત સમાજે વધુ એક આવેદનપત્ર આપી મોડાસા માર્કેટયાર્ડમાં પાક વેચવા આવતા ખેડૂતોને પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં આવેની માંગ કરી હતી. મોડાસા માર્કેટયાર્ડમાં ખેત ઉપજ લઈને હરાજીમાં પહોંચતા ખેડૂતો માટે પીવાના ઠંડા મિનરલ પાણીની ખેડૂતોને રોકાવાની, કેન્ટીન અને શૌચાલયની પણ પૂરતા પ્રમાણમાં વ્યવસ્થા ઉપલબ્ધ ન હોવાથી ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાથી ખેડૂતો માટે મોડાસા માર્કેટયાર્ડ દ્વારા પ્રાથમિક સુવિધા પુરી પાડવાની માંગ કરી હતી. મોડાસા માર્કેટયાર્ડમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી, વેપારીઓ ખેડૂતો સાથે છેતરપિંડી કરતા હોવાની સાથે પ્રાથિમક સુવિધા પુરી પડતી ન હોવાથી ખેડૂતોએ ન છૂટકે આંદોલન કરવું પડતું હોવાનું ખેડૂત અગ્રણીઓએ જણાવ્યું હતું.

# પ્રાંતિજ બીઆરસી ભવન ખાતે દિવ્યાંગ બાળકોને સાધન સહાય વિતરણ કાર્યક્રમ




પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ-તલોદના દિવ્યાંગ બાળકોને સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૯૮ બાળકોને સાધન-સહાય તથા વિવિધ કિટનુ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

રાજય સરકાર દ્વારા દિવ્યાંગોને આપવામાં આવતાં લાભ તેમજ દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે સર્વ શિક્ષા અભિયાન હેઠળ આઈ.ઈ.ડી. વિભાગ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓથી ઉપસ્થિત અધિકારી દ્વારા વાલીઓ અને દિવ્યાંગ બાળકોને વાકેફ કર્યા હતા. પ્રાંતિજ બી.આર.સી ભવન ખાતે પ્રાંતિજ-તલોદના ૯૮ દિવ્યાંગ બાળકોને ઉપસ્થિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાય, જિલ્લા આઈ.ઈ.ડી. કો.ઓ કિર્તિસિંહ ચૌહાણ, નગરપાલિકા કોર્પોરેટર ધવલભાઈ રાવલ સહિત ઉપસ્થિત મહેમાનો દ્વારા ટ્રાયસિકલ, વ્હીલચેર, હિસરીગ, મોબાઈલ, એમ.આર. કીટ, કેલિપર્સ જેવા સાધનો આપવામાં આવ્યાં હતા.

જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા બાળકોને સાધનનું કિટનું વિતરણ કરી વાલી તથા બાળકોને સાધનો વસ્તુના ઉપયોગ વિષે ખ્યાલ આપ્યો હતો. આ પ્રસંગે બી.આર.સી. કોઓઉનેટર જિજ્ઞેશભાઈ પટેલ, પ્રાંતિજ-તલોદ તાલુકાના આઈ.ડી.ડી વિભાગ બી.આર.સી રીસોર્સ ટીચરો સી.આર.સી સ્ટાફ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ઊંઝા-ઉનાવામાં પોસ્ટ ઓફિસમાં ગેસ-ટેલીફોન બિલ ન સ્વિકારાતાં હાલાકી

ઊંઝા, તા. ૨૬

ઊંઝા નજીકના ઉનાવા ગામે પોસ્ટ ઓફિસમાં માર્ચની આખરમાં ટેલીફોન બીલ, ગેસબીલ, વીજબિલ વગેરે ભરવા માટે ઈન્કાર કરાતાં લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

ઉનાવા ગામે કેન્દ્ર સરકારના પોસ્ટ વિભાગ હેઠળ પોસ્ટ ઓફિસ કાર્યરત છે. આ પોસ્ટ ઓફિસમાં માર્ચ એન્ડિંગને લઈને કોણ જાણે કેમ લોકોના ટેલીફોન બીલ, વીજળી બિલ તેમજ ગેસ બીલ ભરવા માટે ઈન્કાર કરવામાં આવી રહ્યો છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે આધારકાર્ડ બાબતે બંધારણીય બેંચ ચુકાદો ન આપે ત્યાં સુધી ૩૧મી માર્ચ ૨૦૧૮ સુધી લીંક કરવું ફરજીયાત નથી તેમ જણાવી લોકોને રાહત આપી છે. તેમ છતાં પોસ્ટ ઓફિસમાં બચત ખાતા ધારકોને આધારકાર્ડ લીંક કરાવવા માટે દબાણ કરાય છે, તેવુ લોકોમાં બોલાય છે. આ બાબતે રાજ્યના પોસ્ટ વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ સત્વરે લોકોની મુશ્કેલી મીટાવવા યોગ્ય પગલાં ભરવા જરૂરી મનાય છે.

# પ્રાંતિજના મહાદેવપુરાનો યુવાન ગુમ થતાં પિતા દ્વારા પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મહાદેવપુરા ખાતે રહેતા વિષ્ણુગીરી કૈલાસગીરી ગોસ્વામી કે જેવોનો ૨૦ વર્ષનો પુત્ર સુરેન્દ્રગીરી વિષ્ણુગીરી ગોસ્વામી તા. ૨૩-૩-૨૦૧૮થી પોતાના ઘરે મહાદેવપુરાથી અમદાવાદ ખાતે સિકયુરિટી તરીકે જવાનું છે તેમ કહીને ઘરે નિકળેલ સુરેન્દ્રગીરી ગોસ્વામીનો આજદિન સુધી કોઈ ભાળ કે પત્તો ના મળતાં તેના પિતા વિષ્ણુગીરી કૈલાસગીરી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોતાના પુત્રની ગુમ થયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ફરીયાદ લખી શોધખોળ હાથ ધરી છે.

# ડીસામાં ચુસ્ત બંદોબસ્ત વચ્ચે રામલલ્લાની શોભાયાત્રા નીકળી




ડીસા, તા.૨૬

રવિવારે રામનવમી પર્વની ઉજવણી પ્રસંગે બનાસકાંઠાના મુખ્ય વેપારી મથક ડીસા શહેરમાં પણ ભગવાન શ્રીરામચંદ્ર નગરચર્યાએ નીકળતા ડીસા શહેર રામલલ્લાની ભક્તિમાં તલ્લીન થઈ ગયું હતું.દર વર્ષે ડીસા શહેરમાં પણ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામનવમીની ભવ્ય શોભાયાત્રા યોજી ભગવાન શ્રી રામના જન્મોત્સવની દબદબાભેર ઉજવણી કરાય છે.તદ અનુસાર આ વર્ષે પણ રવિવારે રામનવમીના સપરમા દિવસે ડીસાવાસીઓએ ભગવાન રામના જન્મોત્સવની ઉજવણીનો આનંદ મનાવ્યો હતો. રામનવમી નિમિતે દર વર્ષની જે આ વર્ષે પણ ડીસા ખાતે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી જે વખતે ડીસા શહેરના માર્ગો જય શ્રીરામના નાદથી ગુંજી ઉઠ્યા હતા.

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય વેપારી મથક એવા ડીસા શહેરમાં રવિવારે ભગવાન શ્રીરામના જન્મોત્સવની ઉજવણી પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પરંપરાગત રીતે વિશાળ શોભાયાત્રાનું આયોજન કરાયું હતું..ડીસા શહેરના રામજી મંદિર ખાતે સવારે રામનવમી પ્રસંગે યજ્ઞ તેમજ મહા આરતી જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજી રામલલ્લાના જન્મોત્સવની ઉજવણી કરાઈ હતી.

આ અવસરે સવારથી જ રામજીમંદિરે દર્શનાર્થી ભાવિકોની ભારે ભીડ જામી હતી.બાદમાં બપોરે રામજી મંદિર ખાતેથી પરંપરાગત રીતે ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, દિનેશભાઈ અનાવાડિયા તેમજ અન્ય અગ્રણીઓએ રામજી મંદિરથી આ શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યાં બાદ આ શોભાયાત્રા રિસાલા ચોક, હીરા બજાર, એ.સી.ડબ્લ્યુ. હાઈસ્કૂલ, અંબિકા ચોક, સરદાર બાગ સર્કલ સહિત શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી હતી.બેન્ડ બાજા અને ડીજે સાથે નીકળેલી આ શોભાયાત્રામાં ભગવાન રામ, માતા સીતા તેમજ ભ્રાતા લક્ષમણજીના વેશમાં સજ્જ ભૂલકા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.આ રથયાત્રા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે શહેર પોલીસે પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો જેથી આ શોભાયાત્રા નિર્વિઘ્ને સંપન્ન થઈ હતી.

# પ્રાંતિજ શ્રી વેરાઈ માતાના મંદિરે સમુહ આરતી યોજાઈ

## એક હજારથી પણ વધારે લોકોએ માની આરતી ઉતારી ધન્યતા અનુભવી



પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આદ્યશકિત આરાધના પર્વ ચૈત્રી નવરાત્રીના આઠમાં દિવસે સમુહ આરતી યોજાઈ હતી. જેમાં એક હજારથી પણ વધુ લોકોએ માંની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

પ્રાંતિજ નાની ભાગોળ આરામગૃહ પાસે આવેલ શ્રી વેરાઈ માતાનાં મંદિર ખાતે મંદિર વ્યવસ્થા કમીટી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ માંના ચોકમાં સમુહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ સહિત આજુબાજુમાંથી રહેતાં ધર્મપ્રેમીઓ દ્વારા સમુહ આરતીમાં ભાગ લઈ મા ની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

પ્રાંતિજના લીંબલા ખાતે આવેલ શ્રી મહાકાલી માતાના મંદિરમાં પ્રાંતિજ- તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પિયુષભાઈ શાહ ઉપસ્થિત રહી માં ની આરતીનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી. દિવસ દરમ્યાન મહાકાળી મંદિર ખાતે હજારોની સંખ્યામાં માઈ ભક્તોએ દર્શન કર્યા હતાં. મંદિર ખાતે હવન સહિતના કાર્યક્રમોનું આયોજન મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા કરવામાં આવ્યું હતું.



**લીંભોઈ વાડીનાથ હનુમાનજી મંદિરે ધામધૂમપૂર્વક સાંઈ જન્મોત્સવની ઉજવણી**

મોડાસા તાલુકાના લીંભોઈ ગામે વાડીનાથ હનુમાનજી મંદિરના પરિસરમાં આવેલા સાંઈ મંદિરે રવિવારે સાંઈ જન્મોત્સવની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી. સમગ્ર મંદિર પરિષરને શણગારવામાં આવ્યો હતો. ઈશ્વરભાઈ ત્રિવેદીના પરિવાર દ્વારા સાંઈ મંદિરે અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. લીંભોઈ પંથકના ભક્તોએ સાંઈ જન્મોત્સવમાં પૂજા અર્ચના કરી દર્શનનો લાભ લીધો હતો. વહેલી સવારથી મોડી રાત્રી સુધી સાઈબાબાના દર્શન કરવા લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

# ભિલોડામાં રામનવમી નિમિત્તે શોભાયાત્રામાં ભાવિક ભક્તો જોડાયા



ભિલોડા,તા.૨૬

ભિલોડામાં રામનવમીના પાવન પર્વ નિમિત્તે શોભાયાત્રા ધામધુમ પુર્વક નીકળી હતી.શ્રધ્ધાળુ ભાવિક ભક્તો શોભાયાત્રામાં જોડાયા હતા.મુસ્લીમ બિરાદરો ધ્વારા શરબત અને છાશનું વિતરણ કરાયું હતું.હિન્દુ-મુસ્લીમ એકતાના દર્શન શોભાયાત્રા દરમ્યાન જોવા મળ્યા હતા.રામનવમી નિમિત્તે શોભાયાત્રાનું પ્રસ્થાન ભિલોડા તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ પટેલ,ભિલોડા ગ્રામ પંચાયત ડે.સરપંચ ભીખાભાઈ પટેલ,મનિષભાઈ પટેલ,ગુણવંતલાલ ત્રિવેદી,મનોજભાઈ પટેલ,મુકેશભાઈ મહેતા,ગોરધનભાઈ ગામેતીના વરદ્ હસ્તે કરાયુ હતું.આ પ્રસંગે મહેશભાઈ પટેલ,સંકેતભાઈ ચૌધરી,હરીઓમ પંડ્યા,ધાર્મિકભાઈ ચૌધરી,કંદર્પભાઈ પટેલ,જતીનભાઈ પટેલ,સેવાભાવી કાર્યકરો,ભાવિક ભક્તો જોડાયા હતા.ભિલોડા દેના બેંક,સંતુહિરા માર્કેટ પાસે મુસ્લીમ બિરાદરો ધ્વારા શરબત અને છાશનું વિતરણ રામનવમી નિમિત્તે શોભાયાત્રા દરમ્યાન કરાયું હતું.શ્રી રામચંદ્ર ભગવાનની શોભાયાત્રા ડી.જે.ના તાલે વાજતે-ગાજતે શ્રી વૈજનાથ મહાદેવ મંદીરથી પ્રસ્થાન કરાયું હતું.શ્રી રામચંદ્ર ભગવાનની શોભાયાત્રામાં અબીલ-ગુલાલની છોળો ઉડતી હતી.ભાવિક ભક્તો અને નવયુવાનો ધ્વારા વિવિધ પ્રકારના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.પોલીસ ધ્વારા ચુસ્ત બદોબસ્ત ગોઠવાયો હતો.

# પ્રાંતિજના નવાધરા ઘર આગળ પાર્ક કરેલ આઈસર ચોરાયુ

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે આવેલ નવાધરા ખાતે ઘર આગળ પાર્ક કરેલ આઈસર કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ જતાં પોલીસ ફરીયાદ થઈ હતી. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા પાસે આવેલ નવાધરા ખાતે ઘર આગળ પાર્ક કરેલ આઈસર ગાડી નંબર જીજે૯વી-૭૯૮૫ કથ્થય કલરની જેની કિંમત-૩,૦૦૦૦૦ ગાડીમા અસલ કાગળો સાથે કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ જતા આઈસર માલિક પટેલ અમૃતભાઈ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા આઈસર ચોર વિરૂધ્ધ ગુનો નોધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ભિલોડા તાલુકાના મોટા કંથારીયા ગામમાં મધમાખી ઉછેર કેન્દ્રમાં ખેડુતોને તાલિમ અપાઈ



ભિલોડા,તા.૨૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મોટા કંથારીયા ગામમાં મધમાખી ઉછેર કેન્દ્રમાં આદિવાસી ખેડુતોને સાત દિવસીય તાલિમ અપાઈ હતી.આદિવાસી ખેડુતોને મધમાખીના ઉછેર કરવાથી અને ફાયદાઓ વિશે વિશેષ જાણકારી અપાઈ હતી. મોટા કંથારીયા ગામમાં આર્ય ગ્રામ ઉદ્યોગ સંસ્થાન આજીવન સદસ્ય ભારત સરકાર નેશનલ બી બોર્ડ, નવી દિલ્હી ધ્વારા આદિવાસી ખેડુતોને મધમાખી ઉછેર માટેની તાલિમ અને ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપી જાગૃત કર્યા હતા. ખેડુતોને મધમાખીના ઉછેર કરવાના પ્રયોગો ધ્વારા મધમાખીના ઉછેરમાંથી મધ, મીણ, પરાગ, પ્રોપીલીસ, રોયલજેલી કેવી રીતે મેળવાય તેમાંથી ખેતીના પાકોમાં વધારો કેવી રીતે મેળવાય જેમાંથી થતા ફાયદા અને વધારાની આવક કેવી રીતે મેળવવી તેની માહિતી અને તાલિમ આપનાર ગગન, ઝાહિદ મનસુરી, પ્રેમપાલજી, મોટા કંથારીયા ગામના નટવરભાઈ, નાનજીભાઈ, લાલુભાઈ, વિપુલભાઈ ધ્વારા સાત દિવસનો મધમાખી ઉછેરનો તાલિમ કેમ્પ યોજાયો હતો.